# 'શિન્ડલર્સ લિસ્ટ' : દિલ પર પત્થર અને આંખોમાં આંસુ આંજીને જોવા જેવી ફિલ્મ

દેવેન્દ્ર ગોસ્વામી
અધ્યાપક,
સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, રાપર-કચ્છ

'I am the conscience of all those who knew something but did nothing.'

- Oskar Schindler

૧૯૮૩ની શરૂઆતમાં એમ.સી.એ. ('મ્યુઝિક કોર્પોરેશન ઓફ અમેરીકા' અને અત્યારના 'યુનિવર્સલ સ્ટુડિયોઝ')ના પેસિડેન્ટ સિડની શિનબર્ગે પ્રસિદ્ધ દિગ્દર્શક સ્ટીવન સ્પિલબર્ગને 'ધી ન્યૂયોર્ક ટાઇમ્સ'માં પ્રસિદ્ધ થયેલ એક પુસ્તકનો રિવ્યૂ વાંચવા મોકલ્યો. રિવ્યૂ વાંચીને સ્પિલબર્ગ દંગ રહી ગયા. પુસ્તક હતું, થોમસ કેનલીની ડોક્યુ-નોવેલ 'શિન્ડલર્સ આર્ક', કે જેણે તેના લેખકને રાતોરાત પ્રસિદ્ધિના શિખરે બેસાડી દીધેલા. ૧૯૮૨નું બૂકર પ્રાઇઝ પણ આ નવલકથાના ફાળે ગયેલું. નવલકથા પરથી ફિલ્મ બનાવી શકાય એવા વિચાર વચ્ચે સ્પિલબર્ગ લીઓપાલ્ડ ફ્રેફરબર્ગને (સ્પિલબર્ગે ફિલ્મમાં જેમને 'એડવાઇઝર' તરીકેની ક્રેડિટ આપી છે અને જેમની સાથેની મુલાકાત અને સહકારથી જ થોમસ કેનલીએ 'શિન્ડલર્સ આર્ક' લખી, એવા 'શિન્ડલર્સ જૂ'માંના એક -શિન્ડલર્સે જેમને બચાવ્યા એ યહૂદીઓ 'શિન્ડલર્સ જૂ' કહેવાયા.) મળ્યા. ફ્રેફરબર્ગે પૂછ્યું, 'પ્લીઝ, વ્હેન આર યુ સ્ટાર્ટિંગ (ફિલ્મ)?' અને સ્પિલબર્ગનો જવાબ હતો, 'ટેન યર્સ ફ્રોમ નાઉ!' બરાબર દસ વર્ષ પછી ૧૯૯૩માં 'શિન્ડલર્સ લિસ્ટ' સિનેમાઘરોમાં રજૂ થઈ ત્યારે દુનિયા રીતસર સ્તબ્ધ થઈ ગયેલી. જો કે, એ જ વર્ષે, બરાબર છ મહિના પહેલા સ્પિલબર્ગની જ મેગા બ્લોકબસ્ટર
'જુરાસિક પાર્ક' આવેલી, જેણે બોક્સ-ઓફિસના બધા રેકોર્ડ તોડી નાખેલા અને 'જુરાસિક પાર્ક'ની પહાડ જેવડી સફળતાને લીધે જ કદાચ 'શિલ્ડલર્સ લિસ્ટ' જેવી ગંભીર ફિલ્મની ચર્ચા આપણે ત્યાં થવી જોઈએ એટલી નથી થઈ, બલ્કે ભાગ્યે જ થઈ છે.

એવું તે શું છે આ ફિલ્મમાં, કે દશ–દશ વર્ષ સુધી ખુદ સ્પિલબર્ગને લાગ્યા કરેલું કે 'ભાઈ, આ ફિલ્મ બનાવવાનું આપણું ગજું નહી!' ચાલો, એક લટાર મારીએ.

ફિલ્મ ઉઘડે છે ૧૯૩૯ની ક્રેકોવની એક સવારે. ('ક્રેકોવ' એટલે દેશના દક્ષિણ છેડે આવેલું, પોલેન્ડનું બીજા નંબરનું સૌથી મોટું અને સૌથી જૂના પૈકીનું એક શહેર, જે પાંચ સૈકા પૂર્વે પોલેન્ડની રાજધાની હતું.) પોલેન્ડને હરાવી હિટલરની સેના ક્રેકોવમાં ઉતરી ચૂકી હતી. અને એ સાથે જ જાણે ત્યાંના યહૂદીઓનું આવી બન્યું. ક્રેકોવ અને આસપાસના વિસ્તારોમાંથી યહૂદીઓને એમના જ ઘરમાં બેઘર કરી, 'ક્રેકોવ ઘેટ્ટો' ('ઘેટ્ટો' એટલે યહૂદીઓને રહેવા માટેની અલાયદી સોસાયટી જેવી જગ્યા)માં રહેવા જવાની ફરજ પડવામાં આવી. ચારેકોર અફરાતફરીનો માહોલ

હતો. અને આ માહોલમાં જ એક જર્મન વેપારીને એક તક દેખાઈ. વેપારની તક! વેપારી નામે ઓસ્કાર શિન્ડલર. નાઝી પાર્ટીનો સભ્ય પણ ખરો. જો કે, માત્ર મિલ્યોનર બનવાનું ધ્યેય રાખનાર એ જર્મન બિઝનેસમેને યુદ્ધ પૂરું થતાં થતાં, પોતાની જિંદગીને પૂરેપૂરી જોખમમાં નાખીને, જિંદગીભરની કમાણી ખર્ચીને અનેકો યહૂદીઓને ક્રૂર નાઝીઓની ચુંગાલમાંથી કેવી રીતે બચાવ્યા - અને એય એવી ફેકટરીના ઓઠા તળે કે જેણે લાગલગાટ સાત-સાત મહિના સુધી એક ખોટી પાઈની પેદાશ પણ નહોતી કરી - તેની હ્રદયસ્પર્શી, સત્યઘટના પર આધારિત કથા એ જ આ ફિલ્મનો મૂળ તંતુ છે.

ટોલ, સ્ટ્રોંગ, વેલ ડ્રેસ્ડ અને સામાવાળાને પોતાની રોફદાર હાજરીની નોંધ લેવા મજબૂર કરતો શિન્ડલર (લિઆમ નિસન) નાઈટ કલબોમાં જાય છે, નાઝી અફસરો માટે ઊંચી જાતની શેમ્પેઈન ખરીદે છે અને નાઝીઓના પ્રતીક સ્વસ્તિકને ગર્વથી ખમીસમાં લગાડે છે. રુશ્વત આપીને કામ કઢાવવામાં એ માહેર છે. નાઝી અધિકારીઓ ખુશ થઈને તેને 'આર્મી કિચન'માં ઉપયોગી વાસણોની ફેકટરી નાખવાની પરવાનગી આપે છે. પરવાનગી તો મળી, પણ શિન્ડલરને ફેકટરી ચલાવતાં કયાં આવડતું'તું! ફેકટરી ચલાવવા તે જાણકાર યહૂદી એકાઉન્ટન્ટ ઇત્ઝાક સ્ટર્ન (' ગાંધી' ફિલ્મવાળા બેન કિંગ્સ્લે)ને મેનેજર નીમે છે. ઇત્ઝાક ખમતીધર યહૂદી વેપારીઓને તેમજ કાળા બજારીયાઓને ઓળખે છે. ઉત્પાદનના નાનકડા હિસ્સાના બદલામાં યહૂદી વેપારીઓનું રોકાણ, કાળા બજારીયાઓ દ્વારા સસ્તામાં મળતું રૉ-મટીરિઅલ, સસ્તા યહૂદી મજૂરો અને ઇત્ઝાક સ્ટર્નની કુનેહ - આ બધાનો સરવાળો એટલે શિન્ડલરના ખીસ્સામાં ખજાનો! શિન્ડલર ખુશ છે, કેમ કે મિલ્યોનર બનવાનું સપનું હવે હાથવેંતમાં છે. ઇત્ઝાકની આવડતથી ફેકટરીનો નફો રાત-દિવસ વધી રહ્યો છે. લેબર કેમ્પમાંના લોકો ફેકટરીમાં કામ કરવા ઉત્સુક છે, કેમ કે કારખાનામાં કામ કરવું સલામત છે અને કદાચ, લાબું જીવવાની ગેરન્ટી પણ!

એક દિવસ એક બુઢ્ઢો માણસ નોકરી આપવા બદલ શિન્ડલરનો આભાર માનવા આવે છે. તેના ગયા પછી શિન્ડલર ઇત્ઝાક પર ચિલ્લાઈને કહે છે, 'તેનો એક જ હાથ હતો. તેં જોયું? ફેકટરી માટે તે શું કામનો છે?' અને થોડીવાર પછી જ એક નાઝી અધિકારી પેલા ડોસાને બેરહેમીપૂર્વક ગોળીએ દે છે, ત્યારે એ જ શિન્ડલર ઉચ્ચ નાઝી અધિકારી સમક્ષ ફરિયાદ કરતાં કહે છે કે 'એ ખૂબ જ અનુભવી કારીગર હતો!' અહીંથી જ જાણે શિન્ડલરના 'ટ્રાન્સ્ફોર્મેશન'ની શરૂઆત થાય છે.

બીજી બાજુ નાઝી સેનાનો લેફ્ટનન્ટ અમોન ગોએથ (રાલ્ફ ફેનિસ) ક્રેકોવમાં બની રહેલા નવા 'પ્લાજોવ કોન્સન્ટ્રેશન કેમ્પ' (અટકાયતીઓને એકત્ર રાખવાની જગ્યા)ના નિરીક્ષણ માટે આવે છે. કેમ્પ બંધાઈ ગયા પછી તે 'ઘેટ્ટો'ને બંધ કરવાનો હુકમ કરે છે. અને એ સાથે જ શરૂ થાય છે માનવ ઈતિહાસનું એક કલંકિત પ્રકરણ ઓપરેશન રિનહાર્ડ (આ ઓપરેશન દરમિયાન હજારો યહૂદીઓને ક્રેકોવની શેરીઓમાં ઠાર મરાયાની નોંધ ઇતિહાસમાં મોજૂદ છે.). વિરોધ કરનારા, વૃદ્ધો, અપંગો, રોગીઓ, સ્ત્રીઓ, બાળકોની કત્લેઆમ થાય છે. પ્રેમિકા સાથે નીકળેલો શિન્ડલર પહાડી પરથી આ નરસંહાર જુએ છે અને અત્યંત આઘાત પામે છે.

અમોન ગોએથ અને શિન્ડલર વચ્ચે એક રાત્રે ચર્ચા થાય છે. અમોન કહે છે, 'અમને યહૂદીઓને ગોળીએ દેવાની સત્તા છે અને તેથી જ તેઓ અમારાથી ડરે છે, આને કહેવાય શક્તિ!' શિન્ડલર ઇન્કાર કરતાં કહે છે કે 'સજા કરવાનું પૂરતું કારણ હોવા છતાં માફ કરવામાં આવે, એ છે અસલી શક્તિ!' બીજા દિવસે વાત વાતમાં ગમે તેને ઠાર કરતો

Vol. 5, Issue: 6, June: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

ગોએથ બે-એક વખત તો યહૂદીઓની નાની-નાની ભૂલો માફ કરે છે, પરંતુ એનામાં ક્યાં ખરેખરી શક્તિ હતી! તે પોતાની બાલ્કનીમાંથી લેબર કેમ્પમાં કામ કરતા યહૂદી સ્ત્રી-પુરુષોને 'ટાર્ગેટ પ્રેક્ટિસ' માટે વીંધતો રહે છે!

લેબર કેમ્પમાં નવા આવતા યહૂદીઓ માટે જગ્યા કરવા, બધાને નગ્ન કરીને, ડાકટરોની હાજરીમાં મેદાનનું ચક્કર લગાવવા કહેવામાં આવે. જે તંદુરસ્ત અને કામ કરી શકે તેવા હોય, તેમની જિંદગી થોડા દિવસ લંબાઈ જાય અને બાકીનાને ટ્રકોમાં ચડાવી આખરી મંજિલ ભણી મોકલી દેવામાં આવે.

યુદ્ધ રણનીતિના ભાગરૂપે એક દિવસ બર્લિનથી આદેશ છૂટે છે કે ક્રેકોવ ઘેટ્ટો અને પ્લાઝોવ કેમ્પમાં કત્લ કરાયેલા યહૂદીઓના શબ ખોદીને સળગાવી નાખવા અને પ્લાઝોવ કેમ્પ નષ્ટ કરીને બચેલા યહૂદીઓને (શિન્ડલરના કામદારો સહિત) કુખ્યાત ઓસવિટ્ઝ કેમ્પમાં મોકલી દેવા જેથી સેનાને અન્ય મોરચે મોકલી શકાય.

આ સમાચાર પછી પહેલાં તો શિન્ડલર પોતાની બધી કમાણી ભેગી કરીને ક્રેકોવ છોડવાની તૈયારી કરે છે, પણ તે તેમ કરી શકતો નથી. તે ગોએથને મળે છે અને પોતાના બધા કામદારોને, પોતાના મૂળ વતન બ્રિનલિટ્ઝ ( અત્યારે ચેકોસ્લોવેકિયામાં) ખાતેના નવા કારખાના માટે લઈ જવા દેવા વિનંતી કરે છે. ગોએથને શિન્ડલરની આ જિદ્દ સમજાતી નથી. શિન્ડલર તેને દરેક માણસની કિંમત લગાવવા કહે છે. અને એ સાથે જ પેલું 'લિસ્ટ' (જે પાછળથી વિશ્વવિખ્યાત થવાનું હતું.) બનવાનું શરૂ થાય છે. પહેલેથી જ લાંચ રુશ્વતથી કામ કઢાવવામાં માહેર શિન્ડલર આ વખતે પણ કામયાબ થાય છે. ગોએથને બેગ ભરીને રૂપિયા પહોંચાડવામાં આવે છે. ઘટનાઓ ઘટતી રહે છે, લિસ્ટ બનતું જાય છે. શિન્ડલર અને ઈત્ઝાક સંભારી-સંભારીને એક-એક નામ લખતા જાય છે. ટાઈપ થયેલું લિસ્ટ શિન્ડલરને બતાવતાં ઈત્ઝાક કહે છે, 'આ લિસ્ટ સત્યનો અરિસો છે, આ લિસ્ટ જિંદગી છે અને તેની ચારેય બાજુ અંધારું જ અંધારું જ છે.'

છેવટે બે ટ્રેન બધાને લઈને બ્રિનલિટ્ઝ રવાના થાય છે. પરંતુ, સ્ત્રીઓને લઈ જતી ટ્રેન ભૂલથી ઓસવિટ્ઝ કેમ્પમાં પહોંચી જાય છે. બધાના જીવ પડીકે બંધાય છે. સમાચાર મળતાં જ શિન્ડલર તાબડતોબ ઓસવિટ્ઝ દોડી જાય છે, પણ કેમ્પનો કમાન્ડર તેની મદદ કરવામાં અસમર્થતા દર્શાવે છે. છેવટે કિંમતી હીરાના બદલામાં સોદો નક્કી થાય છે. ટ્રેન હેમખેમ બ્રિનલિટ્ઝ પહોંચે છે. ત્યાં હાજર નાઝી સૈનિકોને શિન્ડલર કડક ચેતવણી આપે છે કે જો કોઈ તેના કામદારોની હત્યા કરશે, તો તે તેની સામે આર્મી એક્ટ હેઠળ પગલાં ભરશે.

હવે વાસણોની જગ્યાએ યુદ્ધ સામગ્રીનું ઉત્પાદન કરતું નવું કારખાનું ધમધમી ઊઠે છે. એક દિ' ઇત્ઝાક કહે છે કે 'યુદ્ધ સામગ્રી પરિસદ તરફથી આપણી વિરુદ્ધ ફરિયાદ થાય છે કે આપણે તોપના ગોળા, કારતૂસ વગેરે બધા જ હથિયારો 'ક્વોલિટી કંટ્રોલ ટેસ્ટ'માં નિષ્ફળ ગયા છે.' ત્યારે શિન્ડલર સસ્મિત જવાબ આપે છે કે 'જો આપણા બનાવેલા કારતૂસ ચાલી ગયા, તો મને બહુ જ અફસોસ થશે!'

શિન્ડલરનું બ્રિનલિટ્ઝનું કારખાનું સાત-સાત મહિના સુધી ચાલુ તો હતું, પણ તેમાં કંઈ જ ઉત્પાદન નહોતું થતું. તે બીજી કંપનીઓ પાસેથી સામગ્રી ખરીદી સેનાને સપ્લાય કરતો હતો. અને આ સમય દરમિયાન ૧૧૦૦ યહૂદીઓનું ભરણ-પોષણ કરવા કરોડો રૂપિયા ખર્ચી નાખ્યા અને જર્મન અધિકારીઓને મોટી લાંચ પણ આપતો રહ્યો.

આખરે રશિયાની જર્મની પરની જીત સાથે યુદ્ધ સમાપ્તિની ઘોષણા થતાં શિન્ડલર બધા કામદારોને એકઠા કરીને જણાવે છે કે 'આજે રાતના બાર વાગ્યા પછી આપ સૌ આઝાદ છો. પરંતુ, તમારી પાસે કામ કરાવવા બદલ મારી યુદ્ધકેદી તરીકે ધરપકડ થાય એ પહેલાં આજે રાત્રે મારે ભાગી જવું પડશે.'

રાત પડે છે. શિન્ડલર પત્ની સાથે સૌની વિદાય લેવા આવી પહોંચે છે. સૌ ગમગીન છે. ઈત્ઝાક બધા વતી એક (કામદારના સોનાના દાંતમાંથી બનાવેલી!) રિંગ શિન્ડલરને ભેટ આપે છે. શિન્ડલર ગળગળો થઈ જાય છે. ઈત્ઝાક બધાની સહી વાળો પત્ર પણ શિન્ડલરને આપે છે, જેથી એ કયાંક રશિયન સેના દ્વારા પકડાઈ જાય તો બચાવ માટે કામ લાગે. શિન્ડલર અતિશય ભાવુક થઈને રડી પડે છે. ફિલ્મના અત્યંત ભાવવાહી દશ્યોમાંના એક એવા આ દશ્યમાં શિન્ડલર અફસોસ વ્યકત કરે છે કે જો તેણે પોતાની કાર, સોનાની પીન જેવી કીમતી ચીજો વેચી નાખી હોત કે વધુ રૂપિયા કમાયો હોત, તો થોડી વધુ જિંદગીઓ બચાવી શકયો હોત. અને તે ઈત્ઝાકને ભેટી પડે છે. ઈત્ઝાક તેને સાંત્વન આપે છે અને શિન્ડલર ભારી હૃદયે બધાની વિદાય લે છે.

યુદ્ધ પછી અમોન ગોએથને યુદ્ધ -ગુનેગાર તરીકે ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવે છે. આ બાજુ ફેકટરીની બહાર રસ્તા પર રાતવાસો કર્યા પછીની આઝાદ સવારે બધા ખોરાક પાણી માટે બાજુના શહેર તરફ રવાના થાય છે. અને ચાલતાં-ચાલતાં જ બ્લેક એન્ડ વ્હાઈટ ફ્રેમ રંગીનમાં ફેરવાય છે અને સ્થળ છે જેરૂસલેમમાં શિન્ડલરની કબર. (શિન્ડલર પોતાને અહીં દફનાવવાની ઈચ્છા વ્યકત કરેલી.) ફિલ્મના આ અંતિમ દશ્યમાં, હવે બુઢ્ઢા થઈ ચૂકેલા, શિન્ડલરે બચાવેલા અસલી યહૂદીઓ, યહૂદી પરંપરા મુજબ શિન્ડલરની કબર પર એક-એક પથ્થર મૂકતા જાય છે. સ્પિલબર્ગે દર્શકોને અહીં સુખદ આશ્ચર્ય આપ્યું છે કે ફિલ્મના મુખ્ય અદાકારો, એમણે જેનું પાત્ર ફિલ્મમાં ભજવેલું, તે અસલી પાત્ર સાથે હાથમાં હાથ પરોવીને આવ છે. આ બધામાં શિન્ડલરની પત્ની એમીલી પણ છે, તો ઈત્ઝાક સ્ટર્નનું પાત્ર અદા કરનાર સર બેન કિંગ્સ્લે ૧૯૬૯માં અવસાન પામેલા ઈત્ઝાકની વિધવા પત્ની સાથે આવે છે.

છેક છેલ્લા દશ્યમાં શિન્ડલરનું પાત્ર ભજવનાર લિઆમ નિસન (જો કે, ફ્રેમમાં તેનો ચહેરો નથી દેખાતો.) શિન્ડલરની કબર પર ગુલાબનું ફૂલ મૂકે છે.

ફિલ્મનાં કેટલાંક દશ્યો શેર કર્યા વગર રહી શકાય એમ જ નથી. આ રહ્યાં એ દશ્યો –

**દશ્ય ૧ :** ઈતિહાસ અને સાહિત્યના એક શિક્ષકને 'બિન ઉપયોગી' ગણાવીને નાઝી સૈનિક દ્વારા પેલી 'આખરી મંજિલ'વાળી ટ્રક તરફ ધકેલવામાં આવે છે, ત્યારે ઈત્ઝાક ઉતાવળે 'વાસણને કલાઈ કરનાર કારીગર'નું પ્રમાણપત્ર છાપી આવીને પેલા શિક્ષકને આપતાં કહે છે, 'સાવ ભુલક્કડ છો તું! કેટલી વાર કહ્યું છે તને, કે તારું આ સર્ટિફિકેટ ખીસ્સામાં રાખ્યા કર! આ તો ટેબલ પર પડ્યું' તું, લે!' અને પેલો શિક્ષક અધિકારી પાસે જઈને કહે છે 'હું વાસણ પોલિશ કરું છું!' અને દર્શકને કયાંક ઊંડે ઊંડે હાશ થાય છે!

**દશ્ય ૨ :** મેડિકલ ચેક-અપ માટે બેરેકની બહાર નીકળતાં પહેલાં સ્ત્રીઓ ટાંકણી વડે આંગળીમાંથી લોહી કાઢી, એક બીજાના ગાલ પર ઘસી રહી છે. જેથી ચેક-અપ વખતે ગાલોની એ લાલાશ વડે શારીરિક દુર્બળતા ઢાંકી શકાય અને એમ કરીને કદાચ મોતને થોડા દિવસ પાછું ઠેલી શકાય!

**દશ્ય ૩ :** ગેસ ચેમ્બરોમાં લઈ જવા ટ્રકોમાં ભરેલાં બાળકો લાચાર દશામાં માઓ સામે જે રીતે હાથ લાંબા કરે છે અને લગભગ પાગલ થઈ ચૂકેલી માઓ પોતાનાં બચ્ચાં પાસે જવા જે હવાતિયાં મારે છે, એ જોઈને આંખમાંથી આંસુ સરી ન પડે તો સમજવું કે છાતીમાં કયાંક ખોટીપો ચોક્કસ છે.

**દશ્ય ૪ :** ઇત્ઝાક સ્ટર્ન રસ્તે પસાર થઈ રહયો હોય ત્યારે બંદૂકના ભડાકાથી સહેજ ચમકી જાય અને બીજી જ ક્ષણે ૧૦–૧૨ વર્ષના એક કિશોરની લાશ પાસેથી જોયું-ન જોયું કરીને પસાર થઈ જાય, જેને ગોએથે બાલ્કનીમાંથી વીંધી નાખ્યો હોય!

**દશ્ય ૫ :** ઠાંસોઠાંસ ભરેલી ટ્રેનની બારીઓમાંથી હાથ બહાર કાઢી લોકો પાણી માટે ટળવળી રહયા હોય, તે વખતે વખતે નાઝી અધિકારીઓ ટોળટપ્પા કરીને બેઠા હોય, ત્યારે શિન્ડલર નળી વડે, નાઝી સૈનિક સાથે ડબ્બે ડબ્બે ફરીને પાણીનો છંટકાવ કરે છે. અને દિવસોના ભૂખ્યા-તરસ્યા લોકો ચાતકની જેમ મોઢું ખોલીને ડબ્બાની છતમાંથી ટપકતું પાણી ઝીલવાનો પ્રયત્ન કરે છે.

**દશ્ય ૬ :** નાઝી સૈનિકો એક રાત્રે એક ઘરમાં યહૂદીઓ પર ગોળીબાર કરી રહયા છે, એ જ સમયે એ જ ઘરમાં એક નાઝી સૈનિક પિયાનો વગાડી રહયો છે!

આવાં તો કેટલાંય દશ્યો છે ફિલ્મમાં! જો કે, આ ફિલ્મ નથી, 'કરુણપ્રશસ્તિ' છે. ફિલ્મને માણવાની નહીં સંવેદવાની છે. ખુદ સ્પીલબર્ગ ૧૧-૧૧ વર્ષ સુધી ફિલ્મ બનાવવાની હિંમત નહોતા કરી શકયા, કે રખેને પોતે ફિલ્મને કયાંક 'શુગર કોટેડ' બનાવીને રજૂ કરી નાખે! જો કે, અગિયાર વર્ષે પોતાના જ આ 'હાઉ'માંથી બહાર આવીને સ્પિલબર્ગે છેવટે જયારે ફિલ્મ બનાવવાનો નિર્ણય કર્યો, ત્યારે બાર-બાર નોમિનેશન્સમાંથી પૂરા સાત ઓસ્કાર કબજે કરનાર આ જ ફિલ્મે શ્રેષ્ઠ દિગ્દર્શકનો પહેલો ઓસ્કાર અપાવ્યો. જો કે, સ્પિલબર્ગે પોતે ફિલ્મની દિગ્દર્શનની ડોર સંભાળી, એ પહેલાં રોમન પોલન્સ્કી અને બીજા અવ્વલ દરજ્જાના દિગ્દર્શકોને એમણે આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનું સૂચન કરેલું.

પાત્રોની વાત કરીએ તો શિન્ડલરના પાત્ર માટે લિઆમ ઉપરાંત મેલ ગિબ્સન અને કેવિન કોસ્ટનરના નામો પણ વિચારણામાં હતાં. જો કે, દમદાર અભિનય બદલ બેસ્ટ એકટરનું ઓસ્કાર નોમિનેશન મેળવીને લિઆમે પોતાની પસંદગી બિલકુલ યોગ્ય ઠેરવી હતી. તો અમોન ગોએથ તરીકે ઠંડી ક્રૂરતાને પરદા પર જીવંત કરવા બદલ રાલ્ફ ફેનીસને પણ બેસ્ટ સપાર્ટીંગ એકટરનું ઓસ્કાર નોમિનેશન મળેલું. તો કૃષ્ણ પંડિત ભાણજીએ (સર બેન કિંગ્સ્લે) પણ ઇત્ઝાક સ્ટર્નના પાત્રમાં જીવ રેડી દીધો હતો.

આલા દરજ્જાની સિનેમેટોગ્રાફી માટે ઓસ્કાર જીતનાર જાનુઝ કામિન્સ્કિ આ ફિલ્મને એવી ટાઈમલેસ સેન્સ આપવા માગતા હતા કે તે (ફિલ્મ) કયારે બની છે તે ઓડિયન્સને સમજાવવાની જરૂર જ ન પડે. અને એમાં કામિન્સ્કીને અદભૂત સફળતા મળી છે.

સ્પિલબર્ગ વિશે તો શું કહેવું ? તેમણે ફિલ્મમાં ઝૂમ લેન્સ, સ્ટેડીકેમનો ઉપયોગ ટાળ્યો છે. વળી, આખી ફિલ્મમાં એક પણ ક્રેન શોટ નથી. આના જવાબમાં તેઓ કહે છે કે 'કમર્શિઅલ સકસેસ' એ મારો ઉદ્દેશ જ ન હોત. ફ્રેન્ચ લેખક

ફલોબર્ટે એકવાર વિશ્વપ્રસિદ્ધ નવલકથા 'અંકલ ટોમ્સ કેબિન' વિશે વાત કરતાં કહેલું કે, 'An author in his book must be like God in the Universe, Present everywhere and visible nowhere.' અહીં 'ઓથર'ના સ્થાને 'ડાયરેકટર' અને'બુક'ની જગ્યાએ 'ફિલ્મ' મૂકીએ તો 'શિન્ડલર્સ લિસ્ટ' માટે સ્પીલબર્ગને પણ આ વાત અક્ષરશઃ લાગુ પડે છે. 'ડયૂઅલ', 'જોઝ',

'ઇ.ટી.', 'ધી શૂગરલેન્ડ એકસપ્રેસ', 'ઇન્ડિયાના જોન્સ' જેવી રોમાંચક ફિલ્મ આપનાર સ્પિલબર્ગ આ અતિશય ગંભીર વિષયવસ્તુવાળી ફિલ્મમાં ક્યાંય ન હોવા છતાં દરેક શોટમાં તેમની હાજરીનો અહેસાસ થયા વિના રહેતો નથી.

ફિલ્મના કલાઈમેકસમાં શિન્ડલર જયારે બધાની વિદાય લે છે, એ દૃશ્યને વધુ વાસ્તવિક દર્શાવવા સ્પિલબર્ગે શિન્ડલરે બચાવેલા ખરેખરા યહૂદીઓમાંથી ૧૨૮ જણને જેરૂસલેમથી ખાસ એ અંતિમ દૃશ્યના શૂટીંગ માટે તેડાવેલા!

છેલ્લે ફરી શિન્ડલરની વાત પર પાછા ફરીએ તો યુદ્ધ પછી શિન્ડલરનું લગ્નજીવન અને કારોબાર બંને નિષ્ફળ રહેલા. જોકે, ફિલ્મની ઘટનાઓએ ખરેખર જ્યાં આકાર લીધો હતો, એ આખા પોલેન્ડમાં આજે યહૂદીઓની સંખ્યા માંડ ૪૦૦૦ જેટલી છે. જ્યારે શિન્ડલરે બચાવેલા યહૂદીઓના વંશજોની સંખ્યા વિશ્વભરમાં ૬૦૦૦થી વધુ છે. કેથોલિક પરિવારમાં જન્મેલા એક જર્મન વેપારીએ શા માટે પોતાનો જીવ જોખમમાં મૂકીને યહૂદીઓને બચાવ્યા, એ અંગેની ચર્ચાઓ આજદિન સુધી થતી રહી છે. જો કે, શિન્ડલરે પોતે કયારેય સ્પષ્ટપણે આ વાતનો ખુલાસો ન કર્યો. કેટલાક કહ્યું કે આ તો તેની માનવતા હતી અને તે અંગે ખુલાસાની કોઈ જરૂર પણ ન હોતી.

૧૯૫૮માં જેરૂસલેમની યહૂદીઓની એક પરિષદે શિન્ડલરને વૃક્ષારોપણ માટે આમંત્રણ આપેલું. તે વૃક્ષ આજે પણ વૃદ્ધિ પામી રહયું છે.

શિન્ડલરે બચાવેલા યહૂદીઓમાંના એક એવા મોરો બેજસ્કી પાછળથી ઇઝરાયેલની સુપ્રીમ કોર્ટના જજ બનેલા. હજુ હમણાં ૨૦૦૭ માં તેમનું અવસાન થયું. આવી જ એક યહૂદી હેલન બેકે એક ઇન્ટરવ્યૂમાં શિન્ડલર વિશે કરેલું બયાન : 'હું એ દૃશ્ય અને અવાજ ક્યારેય નહીં ભૂલી શકું, જયારે ઓસ્કાર દરવાજે ઊભો કહી રહયો હતો, 'ડોન્ટ વરી, યુ આર નાઉ વિથ મી.'

પીડા એ પ્રેમની પહેલી શરત છે અને કદાચ એટલે જ યહૂદીઓ ઇઝરાયેલને આટલા દિલોજાનથી ચાહે છે. ફિલ્મ જોયા પછી બીજાની પીડાને આત્મસાત્ કરવાની દુર્લભ કળા આપણી અંદર ઉગવા માંડે તો નવાઈ નહીં.

તા.ક. 'જેણે એક જિંદગી બચાવી, તેણે આખી દુનિયા બચાવી લીધી.'

- ફિલ્મમાં બેન કિંગ્સ્લેના મુખે કહેવાયેલી હિબ્રૂ કહેવત.